# સુવર્ણ જયંતી - ૨૦૧૬

## શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કોમર્સ કોલેજના

## ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો.

જય ભારત.

આપણી કોલેજે ૫૦ વર્ષ (૧૯૬૫-૨૦૧૫) પૂર્ણ કર્યાં છે અને વર્ષ ૨૦૧૬ને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ. ૨૪, ૨૫ ડિસેમ્બર - ૨૦૧૬ ઉજવણીનું સમાપન થનાર છે. કોલેજના પૂર્વ વિદ્યાર્થી તરીકે છાત્ર જીવનનાં સંભારણાં – સંસ્મરણોનો આ અવસર છે. સહાધ્યાયીઓને સામટે મળવાનો પ્રસંગ છે. પધારશો.

કોલેજનો વર્તમાન પરિવાર તથા શ્રી ઊંઝા કેળવણી મંડળ પણ સુવર્ણ જયંતી ઉજવણીને યાદગાર સંભારણું બની રહે તેમ ઈચ્છે છે. કેમ્પસમાં સુવર્ણ જયંતીનું સ્મૃતિ પ્રતિક ઊભુ કરવા ઈચ્છીએ છીએ.

### સુવર્ણ જયંતી મેમોરિયલ હોલ

આપણા કેમ્પસમાં ભોંયતળિયે કે પ્રથમ માળે કોઈજ નાનો મોટો સભાખંડ – હોલ નથી. ૪૦૦૦ છાત્રોથી ઉભરાતું આપણું કેમ્પસ સભાખંડ તેમજ ઈન્ડોર ગેઈમ્સ હોલ વિહોણું છે. સર્વ વિદ્યાલય કડીનો મલ્ટીપર્પઝ હોલ જોઈ આપણા કેમ્પસમાં એવા હોલનું નિર્માણ કરવાની ઝંખના જાગી છે.

### હોલ માટે સૌનો સહયોગ

શ્રી ઊંઝા કેળવણી મંડળ એકલું હોલ નિર્માણ કરવા અસમર્થ છે. સૌનો સહકાર જરૂરી છે. આમ ચોક્કસ ઉદ્દેશ સાથે આપની સમક્ષ સ્નેહસભર ટહેલ નાંખવાની જરૂરિયાત ઊભી થઈ છે.

અમો અગ્રતા ક્રમે નીચેની ત્રણ સુવિધાઓ ઊભી કરવા માંગીએ છીએ.

**(૧) મલ્ટીપર્પઝ કમ્યુનિટી હોલ (૨) ઈન્ફરમેશન ટેકનોલોજી સુવિધાયુક્ત કોન્ફરન્સ હોલ**

**(૩) વિશાળ રીડીંગ રૂમ**

**નગરજનો પાસે પણ અમે ટહેલ નાખી છે.**

### ઋણ ચૂકવવાનો અવસર

તમારા અનુગામીઓ માટે વધુ સુવિધા ઊભી કરી શકાય તે માટે અમારી આ ટહેલ છે. આપને આ પ્રસંગે કોલેજનું ઋણ ચૂકવવાનો અવસર સોંપડ્યો છે તો ફૂલ નહીં તો ફૂલની પાંખડી અર્પણ કરશો તેવી નમ્ર ભાવે વિનંતી કરીએ છીએ.

**આગામી ૨૪, ૨૫ ડિસેમ્બર - ૨૦૧૬ના રોજ અચૂક પધારી કાર્યક્રમને દીપાવશો.**

**હોલના નિર્માણથી ગમે તે ઋતુમાં ઈન્ડોર ગેઈમ્સ રમી શકાશે. આપણી વિસરાતી કુસ્તી પણ રમી શકાશે.**

**નોંધ :- ઈચ્છીત સહયોગ ચેક/રોકડા રકમથી મોકલી શકશો. સંસ્થા 80 G પ્રમાણપત્ર ધરાવે છે.**


## " શ્રી ઊંઝા કેળવણી મંડળ "

**શ્રી કે.આઈ.પટેલ (એરિસ ગ્રુપ) શૈક્ષણિક સંકુલ, સ્ટેશન રોડ, ઊંઝા-૩૮૪ ૧૭૦.**

**ફોન : (૦૨૭૬૭) ૨૫૩૯૨૪ મો. ૯૪૨૯૭ ૪૦૦૪૧ E-mail : ueb_unjha@yahoo.co.in**


| | |
|---|---|
| પ્રિન્સિપાલશ્રી | શ્રી ઊંઝા કેળવણી મંડળ |
| શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરુ કોમર્સ કોલેજ | હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યો |